# માનવી .........થાઉં તો ઘણું......

પોતાની જાતને ખરાબ કહેવાની હિંમત રહી નથી
આથી લોકો કહે છે જમાનો ખરાબ આવ્યો છે. -મરીઝ

તેં ઘડ્યા છે એકસરખા એ જ તારી ભૂલ છે
હો ન જેમાં માણસાઈ એ ય માણસ લાગશે.

રક્ત રેડે છે તો ધરા માટે સંપત્તિ જગની પામવા માટે
એક પુરુષાર્થ એ નથી કરતો, માનવી માનવ થવા માટે -રતિલાલ અનિલ

નવા યુગ ના માનવીની ઈચ્છા વસાવું હું ચંદ્ર ઉપર જઈ નગર
કિન્તુ હજી તો નથી શીખ્યો એ રહેવુ કઈ રીતે આ ધરતી ઉપર- અદમ ટંકારવી

માણસમાં  ક્યાં હવે સ્વાદ છે ?
એ તો હરતો ને ફરતો વિવાદ છે!

નથી એક માનવી પાસે બીજો માનવી હજી પહોંચ્યો
અનિલ મે સાંભળ્યુ છે ક્યારનો બંધાય છે રસ્તો - રતિલાલ અનિલ

બધુ થઈ શકે છે છતાં વાત શી છે ?
કે માણસથી માણસ નથી થઈ શકાતું -ઘાયલ

પથ્થરો ને જે ઘડે એ હો કલાકાર ભલે
બાકી માણસને તો ઠોકરથી ઘડે છે પથ્થરો. - બેફામ

આમ જુઓ તો કાંઈ નહીને આમ જુઓ તો ચ્હેરા
આમ જુઓ તો માણસ લાગે, આમ જુઓ તો મ્હોરા -ચંદ્રકાંત દંતાણી

માનવતાની રક્ષા કાજે અવતરતો રહ્યો માણસ
વામનમાંથી વિરાટ સુધી વિસ્તરતો રહ્યો માણસ
નેહ  નીતરતા  નેણોથી  ઝરતા  રહ્યો માણસ
કોક આંખમાં અશ્રુ બની થરથરતો રહ્યો માણસ

ઝાંખા-પાંખા અક્ષર જેવો માણસ છે આ
શિલાલેખ ના પથ્થર જેવો માણસ છે આ - લલિત ત્રિવેદી

પૃથ્વી ઉછંગે ઉછરેલ માનવી
હું માનવી માનવ થાઉં તો ઘણું. - સુન્દરમ્

ચારે તરફથી જ્યારે નિરાધાર હોય છે
માણસ એ વખતે સાચો કલાકાર હોય છે - મરીઝ

ચલો સૌ સાથે મળી ભગવાનના વારસ બની જઈએ
શરત બસ એટલી સૌ પ્રથમ ? માણસ બની જઈએ. - હિતેન આનંદપરા

માણસ લગભગ સાવ જ આવા વાતે વાતે કાવાદાવા
સત્ય બતાવી દીધું તો એ મારા નામનું બેઠો ના’વા
મેં તો એના ગીતો ગાયા એ બેઠો મરસિયા ગાવા
માળો તોડી સુગરીનો એ કેવો લાગે છે મલકાવા
કઠિયારા થઇ જોને પાછો ઝાડ વિષે બેઠો સમજાવા -રતિલાલ સોલંકી

આ વંશ, ગોત્ર, કૂળને ઉપરથી નાત જાત
ને એમાં મારે શોધવાની છે માણસજાત -શ્રી ભગવતીકુમાર શર્મા

વમળ તો રહે છે સદા જળની વચ્ચે
ટકી જાય માણસ અહીં છળની વચ્ચે - દિવ્યા રાજેશ મોદી

જોયા કરો તો એના વિશે જાણવા મળે
માણસ તો એનો એ જ છે બદલાય ચ્હેરો

આમ ખીંટી પર લટકતાં માણસો
ભીતરે ભટકે સળગતાં માણસો
લ્યો મળ્યાં છૂટાં પડયાને આવજો
એમ ઘટનાથી  છટકતાં માણસો

બે માણસોની વચ્ચે પરિચય કેટલો ?
પથ્થરની સાથે કાચના સંબંધ જેટલો

ના,ના નહિં ધિકકારવા જેવો,માણસ અંતે ચ્હાવા જેવો
ખૂણાં  ખાંચા હોય છતાંયે માણસ એવો
ગીત ગઝલમાં મન મૂકીને ગાવા જેવો
હિમશિખરની શાતા જેવો, વડવાનલ કે લાવા જેવો
અવસર,માતમ,લ્હાવા જેવો અંત વિનાના પ્રશ્નો પૂછે
કેવો માણસ, માણસ કેવો ?
માણસ તો માણસના જેવો, જેવો તેવો હોય છતાંયે
સાચા દિલની વાહ-વા જેવો...
માણસ અંતે ચ્હાવા જેવો... _ સુરેશ દલાલ

ઘરમાં એવા કોક દિવસ ચોઘડિયા આવે
ખૂંટે આંખના પાણી ત્યારે ખડિયા આવે
ડૂબી-ડૂબીને ડૂબવાનું શું માણસમાં ભૈ ?
એક વ્હેંત ઉતરો ને ત્યાં તો તળિયા આવે !- અશરફ ડબાવાલા

લક્ષ્મીની જેમ જ લાગણીઓ ગણે છે આ માણસ બરાબર નથી
ગણે છે ને ઓછી પડે તો લડે છે  આ માણસ બરાબર નથી
ન કુદરત ન ઇશ્વર ન દુનિયા અરે સૌ સ્વજનથી યે છેટો રહે છે
બસ પોતાને માટે જીવે છ, મરે છે આ માણસ બરાબર નથી _ હિતેન આનંપરા

સુકાયેલી નદીનાં કયાંકથી પગરણ મળી આવે
વિખુંટુ થઇ ગયેલું એ રીતે એક જણ મળી આવે
ઘણુંયે નામ જેનું સાંભળેલું ને હતી ખ્યાતિ જેની
મળો એ શખ્સને, ને સાવ સાધારણ મળી આવે

હું તણખલાં જેવો માણસ
કોઇના મકાનનો મોભ કે આધાર
બની શકું તેમ નથી, પણ
મારી આસપાસ ઉડતી અને
ખાંખા ખોળા કરતી ચકલી જોઇને
મનમાં થાય છે કે
કોઇનું ઘર જરૂર બની શકું.
ઉપરથી સારા દેખાતા અંતે સારા નથી હોતા !
નદીઓના નીર શું અંતે ખારાં નથી હોતા ?

જો વ્હાલા કરુ તો વેર મળે અમૃત આપું તો ઝેર મળે
માણસ બનવઉની કોશિસમાં મૂંઝાઇ ગયેલો માણસ છું
સુખ આપો એનો હર્ષ નથી દુઃખ આપો એનો શોક નથી
દુનિયાના સર્વ અનુભવોથી  ટેવાઇ ગયેલો માણસ છું - બેફામ

મને એક જણ ભીડ સરીખો ભરચક લાગે
એકલપંડે ઉભો તોયે અઢળક લાગે
તપતાં રણમાં ઉભો ઉભો તડકા વેઠે
પરસેવાને માણે એતો ઝાકળ પેઠે
એના શ્વાસોમાં સૂરજ હિલ્લોળા ખાતો
આઠ પ્રહર એ ઝળહળતાંના ગીતો ગાતો
ઝગમગ જગને પીધેલું કોઇ અચરજ લાગે
મને એક જણ ભીડ સરીખો ભરચક લાગે - ગાયત્રી ભટ્ટ

ખોટા સરવાળા જેવો છું ગણતાં ગણતાં થાકી જાશો
માણસ નામે પુસ્તક છું હું ભણતાં ભણતાં થાકી જાશો
કાચાં પાકાં સપનાઓના અરધાંપરધાં ઓધાનો છે,
શબ્દો અવતરવા લાગે તો જણતાં જણતાં થાકી જાશો - પરાજિત ડાભી

કહો ભલા ઊંચાઇ હશે માનવીની કેટલી ?
જેટલો નીચો નમે એ પ્રેમથી હા એટલી ? _ મોહન મઢીકર

હોય છે ઘરમાં જુદો ને બહાર જુદો હોય છે
એક માણસનો સતત વ્યવહાર જુદો હોય છે ! _ નિરંજન યાજ્ઞિક

હર ક્ષણે જિંદગી હચમચી જાય છે
ઝેર કોને સમયનું પચી જાય છે
હર ગલી નાગનો રાફડો છે અહી
કેમ કરતાં આ માણસ બચી જાય છે ?

વેચવાની છે મફત લાગણીઓ
તોય પણ ભાવમાં કસતા લોકો.- શોભિત દેસાઈ

મારું-તારું હતું-હશેના સરવાળા ગણગણતો માનવ
માનવીની આગળને પાછળ દિવાલોને ચણતો માનવ

આમ તો આ દુનિયા બહુ સુરક્ષિત લાગે છે
છતાં ડર મને માત્ર માણસનો જ કેમ લાગે છ. _પરેશ વેદપ્રકાશ શર્મા

એટલે તો આદમી સૌને ગમ્યો
જેટલો ઉંચે ગયો તેટલો નીચો નમ્યો - હર્ષ બ્રહ્મભટ્ટ

એને માટે કેમ કારસો ઘડયો હશે
સૂરજને શું એક દીવડો નડયો હશે
પતંગિયા એ ફૂલોને ઝઘડાવી માર્યા
એને નકકી આજે માણસ અડયો હશે - ચંદ્રેશ મકવાણા

અહમ્‌માં અકારણ સરી જાય માણસ
કરે તાપણું ને ઠરી જાય માણસ
છે માણસ એ માણસ કે ઘનઘોર સમદર
પલક પાપણોમાં ખરી જાય માણસ - દેવેન શાહ

આ માણસને એવુંય કરવું પડે છે.
કોઇના જુએ એમ રડવું પડે છે - ટંકારવી

કશું તો ખાસ છે પ્રત્યેક માણસમાં
અલગ અજવાશ છે પ્રત્યેક માણસમાં - કિરીટ ગૌસ્વામી

એ જ એના એ જ માણસનો વખત બદલાય છે
દોસ્ત ! સૌની આંખ-સંબોધન તરત બદલાય છે - મિસ્કીન

ભૂલ સૌની યાદ કરતો માનવી
માત્ર નિજને બાદ કરતો માનવી - રતિલાલ અનિલ

જે માણસ ખૂબ દેખાય મઝાના
મળયા તો નીકળયા જાડી ત્વચાના - મિસ્કીન

મને આ જગત પર એમ જ અમસ્તુ હેત આવે છે
હજુ એકાદ માણસ મોગરાંની મહેક લાવે છે - આર.એસ.દુધરેજીયા

પગથી માથા સુધીનાં દરદ હોય છે.
માનવી ત્યારે સાચો મરદ હોય છે - મિસ્કિીન

પહેલાં મૌનથી ઘેરે છે ને પછી શબ્દોથી વહેરે છે
આ માનવી કેમ રોજ જુદા ચહેરાઓ પહેરે છે.

માનવી તું સ્મિત અને આંસુ વચ્ચેનું લોલક - કવિ બાયરન

છે બરફની એક ખુબી માણસમાં પણ
કોઇની ઉષ્મા મળે તો તરત ઓગળી જાય છે

તેથી જ તો લુપ્ત થતા જાય છે કાચિંડા
રંગ બદલવાની કલામાં પારંગત છે માનવી - ભાવેશ શાહ

તૂટશે મંદિર કે મસ્જિદ તો તરત ઊભાં થશે
માનવી ભાંગી પડે તો કોઇના બેઠો કરે - ખલીલ

હવે તો નાગને પણ ઝેર ખાવાનો વખત આવ્યો
મદારીને હવે માણસ પકડતાં આવડી ગયું છે ? - ખલીલ

એક અસરકારક દુવાની વાત કર
સર્વધર્મી પ્રાર્થનાની વાત કર
તું ભલે હિન્દુ કે મુસ્લિમ હોય પણ
સૌ પ્રથમ માણસ થવાની વાત કર - ખલીલ

નાગને તો માત્ર એના તાળવામાં ઝેર છે.
ચેતજે માણસથી, માણસમાં રગેરગ હોય છે. - ખલીલ

કોઇ સ્થળે બેચાર મરે છે, કયાંક કશે દસબાર મરે છે
હિન્દુ -મુસ્લિમ બંને સલામત માણસ વારંવાર મરે છે - ખલીલ

વાત માનવતા વિશે કરવી છે, પણ
આપ માણસ જેવા લાગો તો ખરા - ખલીલ

"માણસ એ એક સામાજિક પ્રાણી છે." એવી પ્રચલિત ઉક્તિને માણસે પોતે જ ખોટી પાડી છે તેની સામાજિકતાને વારંવાર અસામાજિકતાના ઉબકા આવે છે અને તેનું પ્રાણી હોવું ઘણીવાર જનાવરથીય બદતર બની જાય છે.

માણસને પોતાની સૃષ્ટિ અને કાર્યો સોંપ્યા પછી ખુદ ઈશ્વર પણ સલામત નથી -હેલન કેલર

કયારેક કુંભાર પણ મનમાં હસતો હશે
કે માટલાને ટકોરા મારીને ચકાસતો
માણસ કેમ આટલો જલદી ફૂટી જતો હશે

આ વરસાદનો હિસાબ કયાં સમજાય છે.
કયારેક મોસમ બની ટુટી પડે તો
કયારેક માણસ બની ખુંટી પડે. - ધાયલ

મોભ થઈ માથે સતત રહેવો હતો
એજ માણસ ભીત પર ફોટો થયો.- ગૌરાંગ ઠાકર

જળથી વરાળ થઈ પછી વાદળ બનાય છે
મારામાં શું થયા પછી માણસ થવાય છે? - ગૌરાંગ ઠાકર

ઇચ્છાના કાચ ઘરમાં એ કેદ થાય અંતે
માણસનું નામ બીજુ રંગીન માછલી છે. - સંજુ વાળા

આ જગતને ચાહવાનું મન થયું
લ્યો મને માણસ થવાનું મન થયું
એક કૂંપળ ફૂટતી જોયા પછી
ભીંત તોડી નાંખવાનું મન થયું. - ગૌરાંગ ઠાકર

મને ત્યારે જ લાગયું દોસ્ત રાધવ કામમાં આવ્યો
જગતમાં જે ઘડી માનવને માનવ કામમાં આવ્યો.-   ગૌરાંગ ઠાકર

સારા માણસોને શોધવા જાશું તો થાકી જાશું
પણ માણસોમાં સારું શોધવા જાશું તો ફાવી જાશું.

હું ફરી કયાંથી હવે માણસ બનું
ડોકમાં ઇચ્છાનો દોરો હોય છે. -ચિનુ મોદી

હે પ્રભુ, આ તો યંત્ર છે કોઇ
તે બનાવેલો  માનવી  કયાં  છે?- ગૌરવ  ગટોરવાલા

પીડા અમારી ધરમકરમને વિધિવિધાનો બે બૂંદ આસું
ભલે રઝળતા તમારા ઇશ્વર રૂઢિ રસમને રિવાજ વચ્ચે
ન’તા એ પંડિત ન’તામોલવી હતા એ માનસ નમી ગયેલા
કશુંય બોલ્યા વિના વિનયથી વસ્યા નમન ને નમાજ વચ્ચે - હરીશ મીનાશ્રુ

અહી માનવીની જ ચોમેર વસતી
અને માનવી કયાંય નજરે ના ચડે- ઘાયલ

આ ભીડ એક શૂષ્ક સરોવરનું નામ છે
માણસના આ દુકાલની વચ્ચે જીવું છું હું - મનોજ ખંડેરિયા

માણસ માણસ કેટલાં માણસ ?
જયાં જુઓ ત્યાં માણસ માણસ
કોઇ કાળામાં ધોળો માણસ
કોઇ ધોળામાં કાળો માણસ
કોઇ ઊંચામાં નીચો માણસ
કોઇ નીચામાં ઊંચો માણસ
માણસનો ઇતિહાસ છે માણસ
માણસનો ઉપહાસ છે માણસ
જયાં જુઓ ત્યાં માણસ માણસ
આમ છતાં ........મને........
કયાંય ન જડતો ..........માણસ .

માનવીના હૈયાને નદવામાં વાર શી?
અધબોલ્યા બોલડે થોડે અબોલડે
પોચા શા હૈયા ને પીંજવામાં વાર શી? _ઉમાશંકર જોષી

‘કેમ છો’? નો ઉત્તર ‘છુ મજામાં’ આપશે
રોજ માણસ કેમ પોતાને જ છેતરતો હશે - આશિત હૈદરાબાદી

સપના ઠાંસોઠાંસ  ભરેલો  ફુગ્ગો માણસ
જીવનનો આભાસ ભરેલો ફુગ્ગો માણસ - મનોજ ખંડેરિયા

છે બહુ ઓછો સમય તો દુશ્મનોને માફ કર
દિલ ને ગમતા હોય એવા માણસોની વાત કર - મધુસુદન પારેખ
ઝરમર વરસતા આભે એક સાંજે છત્રીને કહ્યું
જો માણસ તારી પાસેથી ઉઘડવાની કળા શીખી
જાય તો હું બારેમાસ મન મુકીને વરસ - પ્રીતમ લખલાણી

પોતાના વિષ પર ગુમાન રાખનાર કોબ્રા
સર્પનું બધુ ગુમાન ઉતરી ગયું...... માણસને મળ્યા પછી!!! -ભરત મકવાણા

ભેગા મળી વાતો કરે જગના વિકાસની
એ માણસો જંગે ચડે તો કોઈ શું કરે? -અંજુમ ઉઝયાન્વી

મોત ની તાકાત શી મારી શકે ?
જિંદગી તારો ઇશારો જોઇએ
જેટલે ઊંચે જવુ હો માનવી
તેટલા ઉન્નત વિચારો જોઈએ.-શૂન્ય પાલનપુરી

ઈશ્વરે ખુદ લખી છે વિગત ડાયરીમાં,
છળ કરે આચરણ સત્યનું માનવીમાં
માનવી જાત છે જાનવરની કહીને,
માનવી માનવથી ડરે ખાનગીમાં. - કીર્તિકાંત પુરોહિત

માનવીના રે જીવન!
માનવીનાં રે જીવન!
ઘડી અષાઢને ઘડીક ફાગણ,
.....એક સનાતન શ્રાવણ. _ મનસુખલાલ ઝવેરી

છલકી રહ્યો છે સ્વાર્થ આજની દુનિયાદારીમાં,
મન મારું આજ રાચી રહ્યું કોઈના સ્વાર્પણમાં.
માનવીના વર્તન-વાણી એક હોય છે,તેમ કોણ કહે છે?
માનવીનું મન નેક હોય છે,તેમ કોણ કહે છે.

છો વેદ વાંચનારાને માનહાનિ લાગે
પ્રસ્વેદ વાડનારા અમને તો જ્ઞાની લાગે
મન સાફ હોય ત્યારે દુનિયા મજાની લાગે
આનંદઉચ્ચ લાગે પીડા મજાની લાગે- રઇશ મનીઆર
શરીરોમાં માણસ આ વસતો નથી,સમય પણ લગીરે ખસતો નથી
તું પણ પહેલા જેવું વસતો નથી અને હું ય એવ તરસતો નથી -કિરિટ ગોસ્વામી

કયારેક ખોવાવું અને કયારેક જડવું જોઈએ;
માણસે પડછાયો છોડીને રખડવું જોઈએ;
હોય જો હિંમત તો ખુદની સાથે લડવું જોઈએ;
તે નહિં તો છાને ખૂણે બેસી રડવું જોઈએ! -શ્રી ભગવતીકુમાર શર્મા

માનવી વ્હાલ કરી જો
એક વખત તું માનવીને વ્હાલ કરી જો!
એવો થશે ધન્ય જરા ખ્યાલ કરી જો!

શરીરોમાં માણસ આ વસતો નથી સમય પણ લગીરે ખસતો નથી
તું પણ પહેલાં જેવું વરસતો નથી અને હું ય એવું તરસતો નથી _ વિવેક મનહર ટેલર

દુ:ખ આપવા માનવી સાથે ખુદા પણ જોડાણો છે
મારા ગજાથી વધું આપી ખુદા પણ મૂઝાણો છે
હું તો સમય સારણીની એરણે ટીપાયો એવો
દુ:ખ એટલું કે ખુણો આ આંખનો પણ ભીંજાણો છે.-નરેશ ડોડિયા

માનવ ના થઇ શકયો તો એ  ઇશ્વર બની ગયો
જે કંઇ બની ગયો એ બરાબર બની ગયો
રસ્તામાં એટલી બધી ખાધી છે ઠોકરો
મંઝિલ સુધી પહોંચતા પગભર બની ગયો
મુજને રડતો જોઇને ખુદ પન રડી પડયાં
મારો જ પ્રશ્ન એમનો ઉત્તર બની ગયા - આદિલ મનસુરી

એક વખત માનવીને તું વ્હાલ કરી જો
કેવો થશે ધન્ય જરા ખ્યાલ કરી જો
અહી કદ્દલ ઉપર ઠેલી શકાતું ન કશું યે
કરવો છે યદિ પ્રેમ તો તત્કાલ કરી જો - ભગવતીકુમાર શર્મા

તું કહે હા કે હવેનો એ વિષય તારો છે,
મેં તો દુનિયાને કહી દીધું ખુદા મારો છે.
દોસ્ત વરસાદ કે ઝાંકળ એ નિહાળે ક્યાંથી,
એક માણસ ને અહીં કેટલા પડકારો છે. -ગૌરાંગ ઠાકર.

સાંકડા રસ્તા ગલી તો ચાલશે
ઘરમાં ભીંતો મનની તોડાવો હવે
આ નગરને એમ વિકસાવો હવે
મારગ માણસ લગનો બંધાવો હવે

મોટા નગરના માણસો
ચહેરા વગરના માણસો
હેતુ વગરની ભીડમાં
કારણ વગરના માણસો
જાણે ન ઓળખતાં મને
મારા જ ઘરના માણસો
અખબાર આખુ વાચતા
વાસી ખબરના માણસો
રણ-રેતીમાં ડૂબી ગયા
પાણી વગરના માણસો
પાકી સડકની શોધમાં
કાચી કબરના માણસો -આદિલ મનસુરી

માણસને ઓળખું નહી,ઈશ્વરને ઓળખું;
કારણ છે માત્ર એ કે હું ભીતરને ઓળખું;
ગોચરને ઓળખુંને અગોચરને ઓળખું;
સૌથી વધારે મારા જૂના ઘરને ઓળખું;
માણસને પાર પાડવો મુશ્કેલ છે ઘણું;
બાકી તો સત્ય,ત્રેતા ને દ્વાપરને ઓળખું;

કાગળના જેવી ઉધાઈ ગઈ રે,સાવ માણસની જાત
અંદરથી આખી ખવાઈ ગઈ રે,સાવ માણસની જાત
તેજના લિસોટા શા માણસને, માણસ આ અંધારાં ચગળે છે કેમ
ચશ્માંની જેમ અણે દૃષ્ટિ ઊતારી, ને આંખોમાં આંજેલો વહેમ.
કોની તે નજરે નજરાઈ ગઈ રે,સાવ માણસની જાત
અંદરથી આખી ખવાઈ ગઈ રે,સાવ માણસની જાત
ભીતરમાં ભેજ તણા ઢગલાઓ થાય, છતાં માણસને એની દરકાર નહી?
હૈયામાં ટળવળતી સારપની વસ્તીને સાચવવા કોઈ સરકાર નહી?
કુદરતની આંખો ડઘાઈ ગઈ રે,સાવ માણસની જાત
અંદરથી આખી ખવાઈ ગઈ રે,સાવ માણસની જાત. -મુકેશ જોષી

એક માણસ હારવાનો વારતાના અંતમાં
હું દિલાસો આપવાનો વારતાના અંતમાં
સોળ આના સાવ સાચી વાત લઈને આવજો
હું પુરાવો માગવાનો વારતાના અંતમાં
પાનખરની કેટલી થઈ ગઈ છે અસર એ શોધવા
ડાળ લીલી કાપવાનો વારતાના અંતમાં
હું તમારી જીતનો હિમાયતી છું એટલે
સાથ કાયમ આપવાનો વારતાના અંતમાં
કોણ મારા શ્વાસનો હકદાર છે એ જાણવા
રાત આખી જાગવાનો વારતાના અંતમાં
જિંદગી ભર આપતા આવ્યા છે જાકારો ભલે
હું તમારો લાગવાનો વારતાના અંતમાં - દીનેશ કાનાણી

અડધો ઊંઘે અડધો જાગે
એ માણસ મારામાં લાગે
એ જ વિચારો કાયમ આવે
એકાદો યે કાટો વાગે
આ પડછાયો તે પડછાયો
અહીથી ત્યાથી ક્યાં-ક્યાં ભાગે
બાર બગાસા મારી મૂડી
ગણુ નહી તો કેવું લાગે
એ ઘર તે ઘર ઘરમાયે ઘર
માણસ માણસ માણસ માંગે
એક મીડું અંદર બેઠુ છે
એ આખી દુનિયાને તાગે
હુ ક્યા? હુ ક્યા? શબ્દ પૂછે છે
અર્થો કહે છેઃ આગે આગે.

હું ભુલભુલામણીમાં પડ્યો પુષ્પ કેડીએ;
રસ્તો તરત મળે જો હું ઠાકોરને ઓળખું.
અક્ષર તો સર્વ ઝાંખા પડીને ઊડી ગયા;
લાવ્યું તું તારો ખત એ કબૂતરને ઓળખું.
ભૂંસ્યાં ભલેને એણે જ પગલાં પાડ્યા હતાં;
એ રેત, ધુધપાટ, સમંદરને ઓળખું. -ભગવતીકુમાર શર્મા

બારખડી પાસેથી છળનું અમે કામ લીધું,
કરોડો રૂપિયા લઈને કરાતા કામને સેવાનું કામ કીધું
નામ તો પાડ્યું માણસ અને એના સારા અર્થો કરી દીધા
તોય જાનવરથી પણ બદત્તર અમે કામ કીધા.
આ પાપના કૂવામાંથી બહાર નીકળવું છે કોને?
અમે વિષને અમૃત કહી બધાને પાઈ દીધું.
આ ખોટું છેં ખબર છે બધું છતાં,
બીજાના હકનું અમે બધું જ પચાવી દીધું.
તાળીઓ બહુ જ પડાવી દાન કરી દીધું,
એમાં અમારુ કંઈજ નહોતુ ફક્ત જાતને કહી દીધું. -રાજેન્દ્ર શાહ

રોજ કેટલો ભાર ઉપાડું? માણસ છું.
રોજ કેટલી રાડો પાડું? માણસ છું.
કોઈ રસ્તે નહીં ચણાવું દીવાલો,
કોઈના પર નહી વિતાળુ, માણસ છું.
જીભ ઉપરથી જીવ ઉપર તું આવ્યો છે,
કેમ ન હથિયાર ઉપાડું, માણસ છું.
રોજ આવતું પાણી મિત્રો ગળા સુધી,
રોજ જાને હું કેમ જિવાડું, માણસ છું.
પ્રતિબંધ હો પતંગિયાના પ્રવેશ પર,
એ કૂંડામાં ફૂલ ઉગાડુ? માણસ છું. -હરદ્વાર ગોસ્વામી

મંઝીલ કયાંક ચૂકી ગયો છે માનવી.
પાછો અસલ કેવો બન્યો છે માનવી.
શબ્દે વસી સંજીવની ઊડી ગઈ
રે! માનવી સામે પડયો છે માનવી.
મનનાં રહ્યસ્યો ના ઉકેલી એ શકયો.
બ્રહ્યાંડ ફરવા નીકળ્યો છે માનવી.
સૌ ધર્મની વાતો પહેરીને ફર્યો
પણ કયાં હજીયે અવતર્યો છે માનવ.
બ્રષ્ઠી બની છે લાગણી વ્હેવારની
ને સ્વાર્થની જાળે ફસ્યો છે માનવી. -યોસેફ મેકવાન

અજબ કાંચિડા જેવો દેખાય આ માનવી
વાતે વાતે રંગ બદલતો જણાય આ માનવી
ચહેરા પર મુખવટા પહેરનારો આ માનવી
નથી જે તે બની બતાવનારો આ માનવી
જાણે છતા અજાણ બની રહેનારો આ માનવી
સચ્ચાઈને પણ જુઠમાં ખપાવનારો આ માનવી
પ્રામાણિકતા ને પેટીમાં પૂરનારો આ માનવી
ભાળી ભ્રષ્ટ્રોને સ્વાર્થે ભેટી પડનારો આ માનવી
સ્વાર્થે હોતા હૈ ચલતા હૈ નું રટણ કરનારો આ માનવી
લાગણી-સ્નેહને માયાની વાતો કરનારો આ માનવી
રસ્તે પણ એજ જુઓ કાંટા પાથરનારો આ માનવી
બની ધાર્મિક જીવન વિતાવનારો આ માનવી
સંસાર છે હાલ્યા કરે એમ નફફટાઈ કરનારો આ માનવી
તારો જ બનાવેલ પ્રભુ તને કેવો બનાવે આ માનવી
રૂપિયો મંદિરે મૂકી લાખો યાચનારો આ માનવી _ મુકેશ જોષી

માંડ માંડ પગભર બન્યા છે માણસો
ભોંયથી અધ્ધર બન્યા છે માણસો
માંડ જયાં પગભર બન્યા છે માણસો
માંડ જયાં પગભર બન્યા છે માણસો
ટેરવે છે પણ હદય થી દૂર છે
ટેલીફોનના નંબર બન્યા છે માણસો
એક સપાતી ઠેઠ વંચાતી નથી
ચીજ તો સુંદર બન્યા છે માણસો
બાળપણમાં રાજુ કે મુન્નો હતા
શાહ કે ઠકકર બન્યા છે માણસો
રેશમી વસ્ત્રમાં જરા લહેરાઈને
છેવટે સૂતર બન્યા છે માણસો -પ્રફુલ્લ વોરા

આમ ખીટી પર લટકતા માણસો,
દોર તૂટે ને બટકતા માણસો
શ્વેત ઠંડાગાર બર્ફીલા છતાં
ભીતરે ભડકે સળગતા માણસો
આમ કોમળ શબ્દથી વ્યવહાર પણ
શૂળ જેવા થઈ બટકતા માણસો
સાવ તકલાદી ઉભા ખંડેરશા
કાળની સાથે ગબડતાં માણસો
લ્યો,મળ્યાં છૂટા પડયા ને આવજો
એમ ધટનાથી છટકતા માણસો **-પ્રફુલ્લ વોરા**

છેવટે એ હાંફી ગયો  એ આખરે માણસ હતો
ને રમત છોડી ગયો એ આખરે માણસ હતો
એક રસ્તે જિંદગી આખી ગુજરે તે છતાં
લક્ષ્યને એ ચૂકી ગયો એ આખરે માણસ હતો
એક બે શબ્દોમાં પણ જીવન પ્રગટ કરવું પડે
ટૂંકમાં સમજી ગયો એ આખરે માણસ હતો
ફુલ પૂજા પ્રાર્થનાને ચોતરફ બસ ઘંટનાદ
ભેદ સૌ પામી ગયો એ આખરે માણસ હતો
કયા લગી અકબંધ રે’શે આ પ્રવાહી જિંદગી
બંધ સૌ તોડી ગયો એ આખરે માણસ હતો
એ ફરીથી એકડાને  ઘુંટવા બેઠો હતો
બસ બધુ ભુલી ગયો એ આખરે માણસ હતો-  ધ્વનિલ પારેખ

સાવ હળવેથી ખવાતું જાય છે માણસપણું,
નામપૂરતૂં બસ બધે દેખાય છે માણસપણું,
આમ જોયા જાવ તો એ કયાંય દેખાતું નથી,
ને બજારોમાં મફત વેચાય છે માણસપણું,
કોઈ વેપારી બને તો કાઈ ગ્રાહક થાય છે,
કેટલાયે વેશમાં બજવાય છે માણસપણું,
સાવ જાડી ચામડી કરવી પડે છે આખરે,
વાઘનખાની જેમ બસ ભોંકાય છે માણસપણું
ફેરવી શકતો નથી કે ઠેરવી શકતો નથી
આ નસેનસમાં વહી જે જાય છે માણસપણું. -  ધ્વનિલ પારેખ

એંઠવાડની જેમ ઢોળીને માણસને ખાય છે,
અને કૂતરાની જેમ ફંફોળીને માણસનેખાય છે,
વેપારવૃત્તિ એટલી ઘર કરી ગઈ છે મનમાં
ચણાની જેમ તોડીને માણસને ખાય છે.
થોડા શ્વાસો શાંતિના લેવા દે અને પછી
શરબતની જેમ ડહોળીને માણસને ખાય છે.
કાન પકડવા પડે શું એમની સ્વાદવૃત્તિ,
ભજીયાની જેમ ઝબોળીને માણસને ખાય છે.
બહુ ચૂસ્યુ લોહી,બે બુંદ જ બાકી મે'લી,
કેરીની જેમ ઘોળીને માણસને ખાય છે.
ફક્તનામ શા જો હાડકાં થોડા બચ્યાં,
ચૂરમાની જેમ ચોળીને માણસને ખાય છે. -વિશાલ સુરતી

દર્પણનો ચહેરો કાં,તરડાઈ ગયો?
માણસ જેવો માણસ કેવો બદલાઇ ગયો!!
ટોળાં પાસે માગી બેઠાં હૂંફને-
પોતીકો સૂરજ એક લૂંટાઈ ગયો!
ભીનો માણસ છોડી બેઠો લાગણી!
ને,દર્પણનો ચહેરો તરડાઈ ગયો. -છાયા ત્રિવેદી

રંગ,નભ,માહોલ વચ્ચે માણસ ઊભો,
દૃશ્ય ઇચ્છા,કોલ વચ્ચે માણસ ઊભો
રોજ ઊઠીને પીછો માણસનો કર્યો,
નૂર,ત્રાંસાં,ઢોલ વચ્ચે માણસ ઊભો.
મૌનથી દીવાલ ચીતરવી પડી,
હોઠ,મરમર,બોલ વચ્ચે માણસ ઊભો.
ખાલીપો માણસ સમો કોઇ નથી,
સ્ટેજ,પાત્રો,રોલ વચ્ચે માણસ ઊભો.
સાંજની લીલપમાં ટહુકી જાવું છે,
વાડ,ખેતર,મોલ વચ્ચે માણસ ઊભો.
લયવિલયની લ્યો,કવિતા ગાવી છે,
સ્વર,હલક ને લોલ વચ્ચે માણસ ઊભો

પોપચાં ક્યારે ઢળે? સમણાં બસ ઈતજાર કરે,
નિશા સમે શાંતિ તોયે માનવી બસ પડખાંભેર ફરે.
ટેસ્ટ ટ્યૂબ બેબી કે'ડોલી'નુ પ્રભુત્વ નિર્માણ કરે
બાયોટેરરીઝમના નામે માનવી તુ હેવાનિયત કરે.
વિજ્ઞાન કેટલુ વિકસ્યુ અંતરીક્ષે હરણફાળ ભરે
કૂપમંડૂક યે હું તુ માં માનવી બસ અટવાયા કરે
ઈન્ટરનેટ આગમને ગ્લોબલ વિલેજ જ્યાં શક્ય બને
ધર્મ-વર્ણ નામે ઝનૂન કરી માનવી જ ભાગલા કરે.
વિશ્વસમૃધ્ધિ શિખરે છતાં અશાંતિ ચહુદિશે રહે.
કપોતી પંપાળી શાંતિદંભે માનવી જ માનવીને હણે.
મરકટ થયેલુ આ મનડુ ભૂલ-ભૂલામણીમાં ભમે
ભોમિયો બની પ્રભુ બસ માનવી પર અહેસાન કરે. -દિલીપ.આર.પટેલ

ઢાળ આવતા ઢળી ગયા,
ભૈ,ગોઠણ માંથી ગળી ગયા
માણસ એવા મળી ગયા......
વટનાં માર્યા વળી ગયા
ભૈ,છણકામાં તો છળી ગયા.....માણસ.
રોતાં રોતાં રળી ગયા,
ભૈ,પલપલિયામા પળી ગયા......માણસ.
ભરીભીડમાં ભળી ગયા,
ભૈ,ત્રેવડ કરતા ટળી ગયા....માણસ.
હરખપદૂદા હળી ગયા,
ભૈ,કંઈક દોદળું દળીગયા....માણસ
લેખણ ભાળી લળી ગયા,
ભૈ,ચીતર જોતા ચળી ગયા.....માણસ.
ઝભ્ભામાં ઝળહળી ગયા,
ભૈ,ખોંખારે ખળખળી ગયા,
માણસ એવા મળી ગયા.- હરિકૃષ્ણ પાઠક

મુઠી-ભર આશા લઈને મરી જાય છે માણસ
નથી એ લાશ તો યે તરી જાય છે માણસ
ઘણી રકઝક કરી'તી મળીને વિદ્યાતાથી
....અને થાકી લડી ને ઢળી જાય છે માણસ
અમે માંગ્યો હતો પ્રેમ આપે ન આપ્યો ને
હવે તો હાથ આપી ફરી જાય છે માણસ
શરાબોની ખુમારી બતાવી કરીએ શું?
ગઝલ પીધા વગર પણ લખી જાય છે માણસ
અમે આરામ દીધા વિના આંખને, જાગ્યા
દિવા સાથે સવારે ઠરી જાય છે માણસ
તરસ જો હોય,દરિયા કદી પી જતા જોયા
નયનના જામ પીને ઢળી જાય છે માણસ
બનાવી રબ ગઝલમાં સજાવી તમે એને
દુઆ નામે ગઝલ જો લખી જાય છે માણસ

માણસ ઉર્ફે રેતી ઉર્ફે દરિયો
ઉર્ફે ડૂબી જવાની ઘટના ઉર્ફે....
ઘટના એટલે લોહી, એટલે વહેવું
એટલે ખૂટી જવાની ઘટના ઉર્ફે....
વજ્જરની છાતી ના પીગળે, આંસુ
જેવું પાંપણને કૈં અડકે તો પણ
આંસુ, એમાં શૈશવ, એમાં કૂવો,
એમાં કૂદી જવાની ઘટના ઉર્ફે....
પગમાંથી પગલું ફૂટે ને પગલામાંથી
રસ્તાના કૈં રસ્તા ફૂટે
રસ્તા અથવા ફૂલો અથવા પથ્થર
અથવા ઊગી જવાની ઘટના ઉર્ફે....
મૂઠી ભરીને પડછાયાનાં ગામ વસેલા
ને પડછાયા હાલે ચાલે
પડછાયા તો જાણે ચહેરા, ચહેરા જાણે
ભૂલી જવાની ઘટના ઉર્ફે.... _નયન દેસાઈ

દ્વેષ ડંખ કે ડાઘ વિનાના માણસ છો
ખરું કહું? તમે બહુ મજાના માણસ છો.
આદમ  કદ આયનો પણ કબૂલ કરે છે,
સબૂર, તમે મોટા ગજાના માણસ છો.
હસવા ટાણે હસો રડવા ટાણે રડો,
તમે સાવ સરળ ને સયાના માણસ છો.
જનમાનસમાં ઝલમલ છે પોત તમારું
તમે કયાં પૈસા રૂપિયાના માણસ છો?
વિસ્તરવું હોય એટલું  વિસ્તરો હજી,
તમે તો નિજ  કદની જગાના માણસ છો.  _ જયંત વસોયા

કોમળ છું, કાંટાળો છું; માણસ જેવો માણસ છું.
પોચટ છું, પથરાળો છું; માણસ જેવો માણસ છું.
આકાશે અણથક ઊડવું, આ ધરતી પર તરફડવું;
ઘાયલ છું, પાંખાળો છું; માણસ જેવો માણસ છું.
આંખ અશ્રુની ધારા, હોઠે સ્મિતના ઝબકારા;
ખુલ્લો છું, મર્માળો છું, માણસ જેવો માણસ છું.
ધિક્કારું છું હું પળમાં, પ્રેમ કરું છું હું પળમાં,
આશિક છું, કજિયારો છું; માણસ જેવો માણસ છું.
ચોમાસે પાણી પાણી; ચૈત્રે લૂ ઝરતી વાણી;
ભેજલ છું, તડકાળો છું; માણસ જેવો માણસ છું.
શ્વાસોની મનભર માયા, મૃત્યુની નિશદિન છાયા;
ક્ષણક્ષણનો તરગાળો છું, માણસ જેવો માણસ છું. - ભગવતીકુમાર શર્મા

રમતાં રમતાં લડી પડે ભૈ, માણસ છે !
હસતાં હસતાં રડી પડે ભૈ, માણસ છે !
પહાડથી એ કઠ્ઠણ મકકમ માણસ છે !
દડ દડ દડ દડ દડી પડે ભૈ, માણસ છે !
ચંદર ઉપર ચાલે ચપચપ, માણસ છે !
ને બે ડગલે ખડી પડે ભૈ, માણસ છે !
સૂર્યવંશીનો પ્રતાપ એનો માણસ છે !
ભરબપપોરે ઢળી પડે ભૈ, માણસ છે !
પૂજાવા ઝટ થયા પાળિયા , માણસ છે !
ટાણે ખોટયું પડી, પડે ભૈ, માણસ છે !- જયંત પાઠક

કયારેક સારો લાગે, કયારેક નરસો લાગે
તોયે માણસ મને હૈયાસરસો લાગે
દરિયો છે એટલે તો ભરતી ને ઓટ છે
સારું ને બૂલ્લરું બોલ એવા બે હોઠ છે
એને ઓળખતાં વરસોનાં વરસો લાગે
તોયે માણસ મને હૈયાસરસો લાગે
ઘડીક સાચો લાગે ઘડીક જૂઠો લાગે
ઘડીક લાગણીભર્યો , ઘડીક બુઠ્ઠો લાગે
કયારેક રસ્તો લાગે ને કયારેક નકશો લાગે
તોયે માણસ મને હૈયાસરસો લાગે
કયારેક ભૂલો પડે ને કયારેક ભાંગી પડે
કયારેક ચપટીક ધૂળની પણ આંધી ચડે
કયારેક માણસ ભૂખ્યો, લોહી તરસ્યો લાગે
તોયે માણસ મને હૈયાસરસો લાગે. - સુરેશ દલાલ

અમે આંધી વચ્ચે તણખલાંના માણસ;
પીળા શ્વાસની તુચ્છ ઘટનાના માણસ;
ફટાણાંના માણસ, મરશિયાંના માણસ;
અમે વારસાગત સમસ્યાના માણસ;
કદી થી સદી ની અનિદ્રાના માણસ;
પ્રભાતોની શાશ્વત પ્રતીક્ષાના માણસ;
અમે અમને મળવાને ઝૂરતા જ રહીએ;
સડકવન્ત ઝિબ્રાતા ટોળાના માણસ;
શિખર ? ખીણ ? ધુમ્મસ ? સૂરજ ? કે કશું નૈં?
ટુ બી- નોટ ટુ બી ની હા-ના ના માણસ.
ભરત કોઇ ગૂંથતું રહે મોરલાનું;
અમે ટચ્ચ ટુંપાતા ટહુકાના માણસ.
મળી આજીવન કેદ ધ્રુવના પ્રદેશે,
હતા આપણે મૂળ તડકાના માણસ. - ભગવતીકુમાર શર્મા

હૈયે તો છું પણ હોઠેથી ભુલાઇ ગયેલો માણસ છું,
હું મારા ડાબા હાથે કયાંક મુકાઇ ગયેલો માણસ છું.
સૌ જાણે છે કે ચાવું છું હું પાન હંમેશા મઘમઘતાં,
હર પિચકારીમાં રોજ અહી થુંકાઇ ગયેલો માણસ છું.
પાણીમાં પડેલા કાગળના અક્ષર જેવા છે શ્વાસ બધા,
જીવું છું ઝાંખું પાંખું હું ભૂંસાઇ ગયેલો માણસ છું.
પાણીનો છે આભાસ એવો લાગું છું સ્વયં દરિયા જેવો,
કંઇ એવી તરસથી રણ જેવું સુકાઇ ગયેલો માણસ છું.
કયારેક એવું પણ લાગે છે આ વસ્તીમાં વસનારાને,
એક સાવ બજારુ ઓરત છું ચૂંથાઇ ગયેલો માણસ છું.
સૌ આવી ગુનાહો પોતાના કબૂલીને મનાવે છે મિસ્કીન,
કોને કહેવું હું મારાથી રિસાઇ ગયેલો માણસ છું. - રાજેશ વ્યાસ

પર્વત , નદીને જંગલો, વહેતાં ઝરણ અહી નથી
પહેલાં હતું એ ખુશનુમા વાતાવરણ અહી નથી
ખૂંખાર કૂતરા વસે છે અત્ર, તત્ર અને સર્વત્ર
જોતા જ હેત ઉપજે એવાં હરણ અહી નથી
પોતાની પીઠ ઊંચકી ચાલે છે માંડ માંડ સૌ.
બોજો ઉઠાવે અન્યનો એવાં ચરણ અહી નથી
પાડયા છે જાતજાતનાં વર્ણો અમે આ વિશ્વમાં
જેમાં હો માત્ર માનવી એવું વરણ અહી નથી
ઉત્પાતિયાં શહેરનો ખૂણેખણો ફરી વળ્યો
પળ ભર નિરાંત સાંપડે એવું શરણ અહી નથી _કવિ દરજીવન દાફડા

મનને વારી જ નહિ,મારી બેઠેલો માણસ છું
તને ખોયા પછી ખુદથી ખોવાયેલો માણસ છુ
હદયની ક્ષિતિજો વિસ્તારી સમાવી તને,છતાં
તુજ વર્તુળમાંથી પરિઘ પર ફેંકાયેલો માણસ છું
મિત્રાતા, લાગણી,પ્રેમ,સ્નેહ અને સહાનુભૂતિસમા
શૂષ્કશબ્દો જીવનકોષમાંથી ખોઇ બેઠેલો માણસ છું
તારી અનુભૂતિ મારી બની ત્યારે થઇ સહાનુભૂતિ
છતાં,તારા અભાવની આગમાં દાઝેલો માણસ છું
માણવા જેવો માણસ તને લાગ્યો મારવા જેવો
અંતે, માનવજાતમાંથી બ્હાર મુકાયેલો માણસ છું
ઉર્ધ્વગતિ એ જ જીવન છે છતાં કયારેક પાછું જોજે
વિજનપથ પર પામીશ તું, લાગણી ભરેલો માણસ છું - ચેતન મહેતા